# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. અમરેલીને 292 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપતા મુખ્યમંત્રીએ સહિયારા પ્રયાસોથી ગુણવત્તાલક્ષી વિકાસ કાર્યો કરવા પર ભાર મૂક્યો
2. કેન્દ્ર શાસિત પ્રદેશ દિવ, દમણ અને દાદરાનગર હવેલીની પહેલીવાર મુલાકાતે આવેલા ઉપરાષ્ટ્રપતિએ પક્ષીઘરનું ઉદ્ઘાટન કરી.. વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી.
3. અન્ન સલામતી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર ગુજરાતને દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી જે.પી.નડ્ડાના હસ્તે ખાસ પુરસ્કાર એનાયત કરાયો
4. કચ્છના જખઉ બંદર નજીકના નિર્જન ટાપુ પરથી સરહદી સલામતી દળને માદક પદાર્થના દસ બિનવારસી પેકેટ મળી આવ્યા
5. સ્વચ્છતા હી સેવા પખવાડિયાની ઉજવણી અંતર્ગત આઠ મહાનગરપાલિકા અને ૧૫૭ નગરપાલિકાઓમાં ૨૦૫ ટન કચરાનો નિકાલ કરાયો ...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMRELI CM LOKARPAN

અમરેલી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસના કાર્યોને ગુણવત્તાલક્ષી બનાવવા પર ભાર મૂકયો હતો.. અમરેલીમાં  ૨૯૨ કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના  મુખ્યમંત્રીએ કરેલા  લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગના ઉદઘાટન દરમિયાન તેમણે  અમરેલીને ૪૨.૪૮ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક બસપોર્ટને પણ મુખ્યમંત્રીએ ખુલ્લુ મુક્યુ હતું.. આ ઉપરાંત રૂ.૨૫ કરોડના ખર્ચે રાજમહેલના નવીનીકરણની પણ મુખ્યમંત્રીએ ભેટ આપી હતી. મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં  સ્વચ્છાગ્રહને જીવનનો સ્વભાવ બનાવી ગામ-નગર સાથે રાજ્યને સ્વચ્છ અને સુંદર બનાવવાની પણ નાગરિકોને અપીલ કરી હતી..

**(બાઇટ – ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

તેમણે સાવરકુંડલા અને રાજુલામાં પણ વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું સાથોસાથે મુખ્યમંત્રીએ આંબરડી સફારી પાર્કમાં સિંહ દર્શન પણ કર્યું હતું..મુખ્યમંત્રીએ લાઠીના દુધાળા ગામે જળસંચયના કાર્યોનું નિરીક્ષણ કર્યુ હતું..ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા નિર્મિત નારણ સરોવરની મુલાકાત કરીને જળસંચયના કામોને વેગ આપવા સૂચના આપી હતી.

-----

# VP – DAMAN VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજથી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે છે. ઉપરાષ્ટ્રપતિની આ કેન્દ્રશાસિત પ્રદેશની પ્રથમ મુલાકાત છે.

આજે એરપોર્ટ પર દમણના પ્રશાસક પ્રફુલ પટેલે તેમનું સ્વાગત કર્યું હતું. અહીં તેમણે જામપોર દરિયા પાસે પક્ષીઘરનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે 2.40 હેક્ટરમાં ફેલાયેલા આ પક્ષી અભ્યારણની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ આરોગ્ય અને સુખાકારી કેન્દ્રની મુલાકાત લીધી.

શ્રી ધનખડે બપોર બાદ એન્જીનીયરીંગ કોલેજ અને ફેશન ડીઝાઈનીંગ કોલેજ તેમજ રીંગણવાડા સરકારી શાળાની મુલાકાત લીધી હતી અને બાળકોને મળ્યા હતા. રાજ્યના પ્રશાસક પ્રફુલ પટેલ દમણના સરપંચ અને જિલ્લા પંચાયતના સભ્યોને મળ્યા હતા. ઉપરાષ્ટ્રપતિએ દમણના સરપંચો અને જિલ્લા પંચાયતના સભ્યોને દિલ્હીમાં જૂની અને નવી સંસદની ઇમારતોની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

આવતીકાલે શ્રી ધનખડ સિલ્વાસા, દાદરા અને નગર હવેલીમાં નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની મુલાકાત લેશે, જ્યાં તેઓ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો સાથે વાર્તાલાપ કરશે. તેઓ ડોકમરડી ઓડિટોરિયમ ખાતે વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર દ્વારા આયોજિત જાહેર કાર્યક્રમમાં પણ હાજરી આપશે.

. . . . . . . . . . . . .

## PM VISHWKARAMA SAMVAD

ગાંધીનગર ખાતે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા સેક્ટર ૧૩ ખાતે પીએમ વિશ્વકર્મા યોજનાને એક વર્ષ પૂર્ણ થતા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમ થકી ગાંધીનગર જિલ્લાના લાભાર્થી સાથે પ્રધાનમંત્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

કેન્દ્ર સરકાર દ્વારા એક વર્ષ અગાઉ સમગ્ર દેશમાં આરંભ થયેલ પીએમ વિશ્વકર્મા યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૧૪૪૫ કારીગરોને કુશળ તાલીમ આપવામાં આવી છે. ૩૫૩ કારીગરોને આ યોજના અંતર્ગત ધિરાણ કરી તેમના વ્યવસાયને વેગ આપવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત કારીગરોને રૂ. ૩ લાખ સુધીની લોન આપવામાં આવે છે.

-----------

## NADDA JOSHI - FOOD SUMMIT-1

અન્ન સલામતી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર ગુજરાતને દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી જે.પી.નડ્ડાના હસ્તે ખાસ પુરસ્કાર એનાયત કરાયો હતો. આ ઉપરાંત શ્રેષ્ઠ કામગીરી કરનાર રાજ્યોમાં કેરળ પહેલા સ્થાને, તમિળનાડુ બીજા જ્યારે જમ્મુ કાશ્મીર ત્રીજા સ્થાને રહ્યું છે.

કેન્દ્ર સરકારે અન્ન સલામતી સહિત વિવિધ ક્ષેત્રમાં સંશોધનને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય સંશોધન ફાઉન્ડેશન સ્થાપવાનો નિર્ણય લીધો છે. આ હેતુથી 2024થી 2028 દરમિયાન આશરે છ અબજ ડોલરની અંદાજપત્રીય ફાળવણી કરાશે. કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ આજે દિલ્હીમાં વૈશ્વિક ખાદ્ય નિયામક શિખર સંમેલનનું ઉદઘાટન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, માનવીના ખોરાકમાં જંતુનાશકોના અવશેષોના કારણે આરોગ્ય ઉપર ગંભીર અસર થાય છે. આથી ભારતે પ્રકૃતિ ખેતી અને વૈકલ્પિક જંતુનાશકોને પ્રોત્સાહન આપવા લીધેલા પગલાં આંતરરાષ્ટ્રીય સ્તરે પણ લેવાની તાતી જરૂર છે.

આ પ્રસંગે શ્રી નક્ડા અને શ્રી જોષીએ ભારતના ખાદ્ય આયાત અસ્વીકૃતિ ચેતવણી પોર્ટલ – એફ.આઈ.આર.એ. સહિત બે ડિજીટલ મંચોનો શુભારંભ કરાવ્યો.

---------------------

## World Food India - Raghavji Patel

નવી દિલ્હી ખાતે આયોજિત ત્રીજી “વર્લ્ડ ફૂડ ઇન્ડિયા” સમિટમાં આજે ભાગીદાર રાજ્ય તરીકે ગુજરાતનું જ્ઞાન સત્ર યોજાયું હતું. આ સત્રમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિ મંત્રીએ આ સત્રમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રાકૃતિક વિવિધતાના કારણે ૩૫ થી ૪૦ પ્રકારના અનાજ, તેલીબિયાં, કઠોળ, મસાલા, ફળો અને શાકભાજી પાકોનું વાવેતર થાય છે. પાક વિવિધતાને કારણે ગુજરાત કૃષિ ઉદ્યોગો સ્થાપવા માટે સર્વોત્તમ સ્થળ છે.રાજ્ય સરકારની સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ હેઠળ આશરે ૨ હજાર થી વધુ લાભાર્થીઓને એગ્રો-પ્રોસેસિંગ એકમોની સ્થાપના કરવામાં સહાયતા મળી છે,તેમ તેમણે ઉમેર્યું હતું. આ સત્રમાં નિષ્ણાત વક્તાઓ દ્વારા પોતાના વિવિધ વિષયો પર વિચારો રજૂ કરાયા હતા.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## BSF DRUGS RECOVERED

કચ્છમાંથી સરહદ સલામતી દળે શંકાસ્પદ માદક દ્રવ્યોના 10 પેકેટો કબજે કર્યા છે. BSF એ ભુજમાં જખાઉ દરિયાકાંઠા નજીકના એક દૂરના ટાપુ પરથી શંકાસ્પદ માદક દ્રવ્યોના 10 પેકેટ ઝડપી પાડ્યા હતા.. આ પેકટ અંદાજે 12.40 કિગ્રા વજનના છે..જૂન 2024 થી, જખાઉ કિનારે અલગ-અલગ ટાપુઓમાં BSFના વિવિધ સર્ચ ઓપરેશનના પરિણામે શંકાસ્પદ માદક દ્રવ્યોના કુલ 272 પેકેટો મળી આવ્યા છે.

BSF એ ભુજમાં જખાઉ કિનારે દૂરના ટાપુઓ અને ખાડીઓમાં તેની શોધ કામગીરી વધુ તીવ્ર બનાવી છે. આ અભિયાન અંતર્ગત વધુને વધુ માદક પદાર્થોના બિનવારસી પેકેટ મળી રહ્યાં છે.

-----

## SWACCHTA HI SEVA - DISTRICT

“સ્વચ્છતા હી સેવા-2024 ” પખવાડિયાની ઉજવણી અંતર્ગત રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૫૭ નગરપાલિકાઓમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી. જેમાં જાહેર પરિવહન અને હાઇવેની સાફ સફાઈમાં કુલ ૪૧ હજાર ૬૩૫ થી વધુ લોકો સફાઈ ઝુંબેશમાં જોડાઈ ૬૪ લાખ ૪૦ હજાર ૬૪૮ કલાકનું શ્રમદાન હાથ ધર્યું હતું. જેમાં ૨૦૫ ટન કચરો એકત્રિત કરવામાં આવ્યો જે પૈકી ૧૯૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો અને બાકી રહેલ કચરાના નિકાલની કામગીરી હાલ પ્રગતિમાં છે.

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત આજે પાટણ ખાતે નહેરુ યુવા કેન્દ્ર તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ.વિભાગના છાત્રો દ્વારા રાણીની વાવ, સહસ્ત્રલિંગ તળાવ અને પાટણ મ્યુઝિયમ પરિસરની સાફ સફાઈ કરવામાં આવી હતી.

કચ્છ જિલ્લામાં આજે ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરીને નાગરિકોને ઘર, શેરી, જાહેર સ્થળો તથા આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા સંદેશો પાઠવ્યો હતો. આ અભિયાન અંતર્ગત મા આશાપુરાના સ્થાનક માતાના મઢ ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.આ ઉપરાંત કચ્છ જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓને ‘વેસ્ટ ટુ વેલ્થ’ની થીમ સાથે બાળકોને પેપર બેગ બનાવતા શીખવવામાં આવ્યું હતું.

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર નગરપાલિકા દ્વારા સ્વચ્છ વોર્ડ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં વિજેતા થનાર વોર્ડ નંબર-૧ના સફાઈ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

..2..સ્વચ્છતા હી સેવા

આ કાર્યક્રમથી કાયમી માટે શહેરને સ્વચ્છ રાખી "સ્વચ્છ કોડીનાર, સ્વસ્થ કોડીનાર" ના સુત્રને સાકાર કરવાનો સંદેશ આપ્યો હતો.

દીવની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં આ અભિયાન અંતર્ગત એન.એસ.એસ વિભાગ ના 100 જેટલા સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ દીવના કર્મચારીઓએ વેસ્ટ ટુ આર્ટ, વૃક્ષારોપણ, નિબંધ લેખન, સ્વચ્છતા શપથ વગેરે કાર્યક્રમો યોજાયા.

તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાના કુલવાડી પ્રાથમિક શાળાના બાળકોએ સ્વચ્છતા રેલી યોજી લોકોને સ્વચ્છતાનો સંદેશો પહોંચાડ્યો હતો. બાળકોએ પોતાની શાળા, ઘર, ગામમાં સ્વચ્છતા જાળવવાના શપથ ગ્રહણ કર્યા હતા.

વડોદરા જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ૫૩૯ ગામોમાં માંથી ૮૫૦ કિલો જેટલા ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. આ સ્વચ્છતા શ્રમદાન યજ્ઞમાં ૧ હજાર ૪૬૨ કરતા વધુ ગ્રામજનો જોડાઈને સ્વચ્છતા હી સેવા અભિયાનને વેગવંતુ બનાવ્યું હતું.

જામનગર જિલ્લામાં સિક્કા નગર પાલિકા ખાતે વિવિધ શાળાઓના 300 જેટલા વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા હી સેવાની થીમ આધારિત યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજી હળપતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના લાડકુવાગામ ખાતે સ્વચ્છતા હી સેવાકાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. મંત્રી સહિતના પદાધિકારીઓએ સાફ- સફાઇ કરી હતી.

સુરેન્દ્રનગર, દૂધરેજ, વઢવાણ સંયુક્ત નગરપાલિકા દ્વારા દરેક વોર્ડમાં "સ્વચ્છ વોર્ડ સ્પર્ધા" નું આયોજન કરવામાં આવ્યું હતું.

---------

## SEVA SETU- DISTRICT

કચ્છ જિલ્લામાં દસમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ તથા સ્વચ્છતા હી સેવા અભિયાનનો માનકુવા ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જ્યાં ૧૩ વિભાગની ૫૫ જેટલી સેવાઓનો લાભ નાગરિકોને આપવામાં આવ્યો હતો. માનકુવા ખાતે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં ગંગા સ્વરુપા યોજનાના લાભાર્થી કોમલબા જાડેજાએ ખરા અર્થમાં વાલી તરીકેની ફરજ અદા કરવા બદલ ગુજરાત સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

(બાઈટ - કોમલબા જાડેજા, લાભાર્થી, ગંગા સ્વરૂપા યોજના)

મહીસાગર જિલ્લાના લુણાવાડા નગરપાલિકા ખાતે આજે સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને વિવિધ વિભાગ હેઠળ ૫૫ જેટલી યોજનાઓનો લાભ આપવામાં આવ્યા હતા .

.................